# ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ સમય ફેરફાર બાબતે ધાંધલ-ધમાલ


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૬

ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ કેળવણી મંડળ સંચાલિત ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સમયનો ફેરફાર કરતા વિદ્યાર્થીઓએ તેનો ભારે વિરોધ કરી ધાંધલ ધમાલ કરી હડતાલ પાડી હતી.

શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓએ ભારે સુત્રોચ્ચાર, તોડફોડ, પથ્થરમારો તથા ફર્નિચરને આગ ચાંપી હતી. સરકારના પરિપત્ર મુજબ સંચાલક મંડળે માધ્યમિક શાળાનો સમય બપોરે ૧૨ થી ૫ સુધીનો કર્યો હતો. ૬ ઓગષ્ટથી આ નિર્ણયનો અમલીકરણ થતા શાળાના વિદ્યાર્થીઓએ તેનો ભારે વિરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓને બપોરનો સમય પસંદ ન પડતા અને કેટલાક માધ્યમોની ઉશ્કેરણીથી

## વિદ્યાર્થીઓએ પથ્થરમારો, તોડફોડ, આગચંપી સાથે ભારે સૂત્રોચ્ચાર કર્યા





વિદ્યાર્થીઓ જીદે ચઢ્યા હતા અને પ્રાંગણમાં ભારે ધમાલ મચાવી હતી. શાળાની બારીના કાચ તથા ફર્નીચરની તોડફોડ કરતાં ભયનું વાતાવરણ સર્જાયુ હતુ. શાળાના દરવાજે ભારે સૂત્રોચ્ચાર કરી વિદ્યાર્થીઓએ શાળાને બાનમાં લીધી હતી.

આ બનાવ બાદ શાળાના આચાર્ય રતીલાલ વાઘેલા તથા ટ્રસ્ટીશ્રી બાલ સ્વરૂપ દાસજી અને વાલીઓએ વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળી તેમનો પ્રશ્ન ઉકેલવાની હૈયાધારણા આપ્યા બાદ વિદ્યાર્થીઓ શાંત પડ્યા હતા.

# પાલજ ગામેથી જુગાર રમતા પકડાયેલા ૧૧ જુગારીયાઓને છોડાવવા ૫૦નું ટોળુ ધસી આવ્યું

## કલાકોની ચર્ચા બાદ તમામ પ્રયત્નો નિષ્ફળ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના પાલજ ગામે ગત રોજ બોરના કુવા પર જુગાર રમતા પકડાયેલા ૧૧ શખ્સોને છોડાવવા ચિલોડા પોલીસ મથકે રાતોરાત ૫૦થી વધારે લોકો અને રાજકારણીઓનું ટોળું ધસી આવ્યું હતું પરંતુ તેમને છોડાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ નિવડયા હતા.

ગાંધીનગર જિલ્લાના પાલજ ગામે ગત રોજ બપોરના સમયે કાન્તિભાઈ શંકરભાઈ પ્રજાપતિના બોરકુવા પર તીન પત્તીનો જુગાર રમતા અમદાવાદ, માણસા, ગાંધીનગર અને મહેસાણા શહેરના ઉચ્ચ અધિકારીઓ તથા પૂર્વ મંત્રીના પુત્ર સહિત કુલ ૧૧ શખ્સોને ચિલોડા પોલીસે ઝડપી પાડી તેમને ચિલોડા પોલીસ મથકે લઈ આવી તેમના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ થોડી જ વારમાં આ જુગારના સમાચાર વાયુ વેગે પ્રસરતા ૧૧ જુગારીયાઓને છોડાવવા શહેરના મોટા માથા અને રાજકારણીઓ સહીત ૫૦થી વધારે લોકોનું ટોળું પોલીસ મથકે ધસી આવ્યું હતું. જુગારીયાઓને છોડાવવા કલાકો સુધી ભારે ચર્ચાઓનો દોર ચાલ્યો હતો પરંતુ પોલીસે આ અંગે તમામ ૧૧ સામે ગુનો નોંધી સમગ્ર ચર્ચા પર પૂર્ણ વિરામ મૂકી દીધું હતું. જયારે જુગારીઓને છોડાવવા આવેલા અગ્રણીઓ અને રાજકારણીઓના તમામ પ્રયત્નો નિષ્ફળ નિવડયા હતાં.

# મહિલા બુટલેગરો હવે દારૂનો ધંધો છોડી સ્વચ્છ રોજગાર અપનાવશે

ગાંધીનગર, તા. ૬

સમાજમાં દારૂનુ દૂષણ ફેલાવતી મહિલા બુટલેગરોને માનભેર પગભર કરવા જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા બુટલેગર પ્રવૃત્તિ સુધારણા કાર્યક્રમનું નવતર આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અન્વયે આજે ૬૦ જેટલી મહિલા બુટલેગરોને 'ઉમીદ' એન.જી.ઓ.ના સહયોગથી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

જિલ્લામાં દારૂ ગાળવા, વેચવા તેમજ હેરાફેરી કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિમાંથી બુટલેગર મહિલાઓનો હાથ પાછો ખેંચવા જિલ્લા પોલીસ અધિક્ષકે નવતર કાર્યક્રમ હાથ ધર્યો છે. જે અન્વયે સે. ૨૧, સે. ૭ તેમજ પેથાપુર પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી પકડાયેલી મહિલા બુટલેગરોના પુર્નવમન માટે મહિલા બુટલેગર સુધારણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલી મહિલાઓને પોલીસ અધિક્ષકની કચેરીમાં સ્વચ્છ રોજગાર કરવાની સમજ પુરી પાડવામાં આવી હતી. આ તબક્કે 'ઉમીદ' એન.જી.ઓ. દ્વારા પણ બુટલેગર મહિલાઓને શાકભાજી વેચવી, સિલાઈ કામ, બ્યુટીપાર્લર સહિતના ગૃહ ઉદ્યોગની ચીજવસ્તુઓ બનાવવાના કામો હાથ ધરી સમાજમાં માનભેર રીતે પગભર થવા જાણકારી આપવામાં આવી હતી.

જ્યારે આ મામલે સહાય અને તાલીમ આપવાની વ્યવસ્થા ગોઠવવા પણ જણાવાયું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરે, સે. ૭ પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.એસ. ગઢવી તેમજ મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. મીનાક્ષી પટેલની ઉપસ્થિતિમાં તમામ મહિલા બુટલેગરોએ દારૂનો ધંધો કાયમી ધોરણે છોડી સારી પ્રવૃત્તિમાં જોડાવાનો સંકલ્પ કર્યો હતો.

## ગગન પેલેસ ગેસ્ટ હાઉસના સંચાલક વિરૂધ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ-મોડાસા હાઈ-વે પર આવેલ ગગન પેલેસ ગેસ્ટ હાઉસ પર આજે બપોરે ગાંધીનગર એસ.ઓ.જીની ટીમે દરોડો પાડી ગેસ્ટ હાઉસમાં આવતા અને રોકાણ કરતા લોકોના આઈડી પ્રુફ ન લેતા અને કલેકટરના જાહેરનામાનો ભંગ કરનાર સંચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ દહેગામ મોડાસા હાઈ-વે પર ગગન પેલેસ ગેસ્ટ હાઉસમાં રોકાણ અર્થે આવતા લોકોના ગેસ્ટ હાઉસ સંચાલક આઈડી પ્રુફ લીધા વગર પ્રવેશ આપે છે તેવી બાતમીના આધારે આજે ગાંધીનગર એસ.ઓ.જી.ના પી.આઈ. એમ.જે. સોલંકીની સૂચનાથી એસ.ઓ.જી.ટીમના હિંમતસિંહ, અંકુશભાઈ રાજુભાઈ અને રસીકભાઈ વગેરેએ ગગન પેલેસ પર દરોડો પાડયો હતો અને જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરતા ગગન પેલેસ ગેસ્ટ હાઉસના સંચાલક રતિલાલ નાગરનજી ડાભી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માહિતી ખાતાના આંદોલનને સંપૂર્ણ ટેકો જાહેર કરતું કર્મચારી મહામંડળ

## ૯મી ઓગસ્ટે માહિતી ખાતાના કર્મયોગીઓ ૨૪ કલાક ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૬

રાજય સરકારની પ્રજાલક્ષી કામગીરીને વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચાડીને સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કામગીરી કરતાં માહિતી ખાતાના કર્મયોગીઓને તેઓના પ્રશ્નોના ઉકેલ માટે નાછૂટકે આંદોલનનો આશરો લેવો પડ્યો છે. આ આંદોલનના પરિણામ સ્વરૂપ રાજય સરકાર દ્વારા તાજેતરમાં નાયબ માહિતી નિયામકની બઢતીના આદેશો કરવામાં આવ્યા છે. માહિતી ખાતાના અધિકારીઓ-કર્મચારીઓના તમામ પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી તેઓ દ્વારા આપવામાં આવેલ કાર્યક્રમો મુજબ આંદોલન ચાલુ જ છે. જેના ભાગરૂપે તા. ૩ થી ૭ દરમિયાન 'વર્ક-ટુ-રૂલ' કાર્યક્રમ આપવામાં આવ્યો છે. જેમાં મુખ્યમંત્રીશ્રી તેમજ મંત્રીશ્રીઓના કાર્યક્રમો તથા ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમોની પ્રચાર- પ્રસિદ્ધિમાં કોઈ અસર ન પહોંચે તે રીતે નિષ્ઠાપૂર્વક ફરજો બજાવી રહ્યા છે. રાજ્યની તમામ જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા પણ આંદોલનને વ્યાપક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે માહિતી ખાતાનું આ આંદોલન દરમિયાન પણ માહિતી ખાતાની કામગીરી કે જે પ્રચાર-પ્રસિદ્ધિની છે તેમાં કોઈ અડચણ ન આવે તે રીતે કર્મચારીઓ પોતાના પ્રશ્નોને વાચા આપવા માટે જ પોતાનું આંદોલન ચલાવી રહ્યા છે. જેને ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે પણ સંપૂર્ણ ટેકો જાહેર કરી જો સમયમર્યાદામાં તેમના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ન છૂટકે ગુજરાત રાજય કર્મચારી મહામંડળને પણ આ આંદોલન સાથે જોડાઈ ઉગ્ર લડત આપવાની ફરજ પડશે તેમ જણાવ્યું છે. તેમ છતાં રાજય સરકાર તરફથી કોઈ જ પ્રતિસાદ સાંપડી રહ્યો નથી. જેનાથી માહિતી ખાતાના કર્મચારીઓમાં નારાજગી વ્યાપી ગયેલ છે. નાયબ માહિતી નિયામકના બઢતીના આદેશો કરવામાં આવ્યા તેમાં પણ પાંચ(૫) જગ્યાઓ ખાલી રાખવામાં આવી છે જે બરાબર નથી. માહિતી ખાતાના કર્મયોગીઓ તેમના પ્રશ્નોનો સત્વરે નિકાલ આવે તેવું ઈચ્છી રહ્યા છે.

માહિતી ખાતાના કર્મયોગીઓ દ્વારા શરૂ કરાયેલ આ આંદોલનના ભાગરૂપે આગામી દિવસો દરમિયાન તા. ૮મી ઓગસ્ટે પેન ડાઉન તા. ૯મી ઓગસ્ટના રોજ ચોવીસ કલાકની રાઉન્ડ ધ કલોક તમામ અધિકારીઓ- કર્મચારીઓ (જિલ્લા કચેરીઓ સહિત) ફરજ બજાવશે. તા. ૧૩મી ઓગસ્ટ અને તા.૧૪મી ઓગસ્ટના રોજ સુત્રોચ્ચાર કરવામાં આવશે. તા. ૧૫મી ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે મહામંડળના સમાંતર ધ્વજવંદનના કાર્યક્રમમાં હાજરી આપશે અને તે જ દિવસે માહિતી ખાતાના તમામ અધિકારી-કર્મચારીઓની ગાંધીનગર ખાતે ખાસ સાધારણ સભા બોલાવવામાં આવી છે. ત્યારબાદ તા. ૧૭મી ઓગસ્ટથી ૨૦મી ઓગસ્ટ દરમિયાન મંડળના હોદ્દેદારો સહિત અધિકારી- કર્મચારીઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવશે અને છેલ્લે તા. ૨૧-૮- ૨૦૧૨ના દિવસથી ગુજરાત રાજય માહિતી ખાતા કર્મચારી મંડળના પ્રમુખ દિનેશ ચૌહાણ દ્વારા આમરણાંત ઉપવાસ કરવામાં આવશે. અને તેમના ટેકામાં ખાતા કર્મયોગીઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવશે. તેમ અધિકારી મંડળના પ્રમુખ મયુરભાઈ શાહ અને દિનેશભાઈ ચૌહાણની સંયુકત યાદીમાં જણાવાયું છે.

## આજે દત્તમંદિરમાં લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૬

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે ઋત્વિક વી. જહા તરફથી લઘુરૂદ્રનું આયોજન તા. ૭મી ઓગસ્ટના રોજ ૪.૩૦ કલાકે શ્રી દત્તમંદિર સેકટર-૨૮માં કરવામાં આવેલ છે.

## ડાયાબીટીશ કંટ્રોલ માટે માર્ગદર્શન શિબિર ૭ અને ૮ ઓગસ્ટે

ગાંધીનગર, તા. ૬

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય સેકટર-૨૮ ગાંધીનગર ખાતે તા.૭ અને ૮ ઓગસ્ટના રોજ સાંજે ૭.૦૦ કલાકે યોગ થેરાપી દ્વારા ડાયાબીટીશ કંટ્રોલ માટે ખાસ કેરાલાથી પધારનાર સંતશ્રી યોગ મણીજી બે દિવસ માટે માર્ગદર્શન આપશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# હું તમારી દીકરી સાથે લગ્ન કરવા માગું છું અને તમારી દીકરી પણ મને પસંદ કરે છે

**સંબંધ સજાવે જિંદગી**
**દિકરી વ્હાલનો દરીયો**
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

'પ્રેમ નથી એમ નથી કહેતી સર. બસ લગ્ન કરી શકું એમ નથી.'

'કારણ જણાવી શકે ?'

'જી. જણાવું તો ખરી, પણ એ જાણ્યા પછી તમે મારી દયા ખાશો એ મને નહીં ગમે.'

'દયા નહીં ખાઉં એ વચન આપું છું.'

'ઠીક છે. તો સાંભળો - હું મારા માતા-પિતાનું એકનું એક સંતાન છું. મારા માતા-પિતાએ મારો ઉછેર શ્રેષ્ઠ રીતે કર્યો છે. પણ વાત એમ છે કે મારા પપ્પાનો બે વર્ષ પહેલાં ઍક્સીડેન્ટ થયો છે. લગભગ પથારીવશ છે એ. આર્થિક ઉપાર્જન કરી શકે એમ નથી. મારી મમ્મી બહુ ભણેલી નથી અને આમેય એને બહાર જઈ કામ કરવું હોય તો કરી શકે એમ નથી. કારણ કે એણે પપ્પાની સંભાળ રાખવાની છે. એમાંથીય સમય કાઢીને કદાચ બહારનાં કામ કરી શકે, પણ એ મને પસંદ નથી એટલે હું એને એમ કરવા દેતી નથી. આમ હવે ઘરની જવાબદારી મારા પર છે.'

નિષ્ઠાનો સીધો જવાબ સાંભળી નિશ્ચલ કંઈ બોલી ન શક્યો. ઈચ્છા તો હતી નિષ્ઠાને શાબાશી આપવાની ને સાથ આપવા માટેના બે શબ્દો કહેવાની, પણ 'દયા નહીં ખાવાની' વાત એને બરાબર યાદ હતી.

એટલે એણે એવું કંઈ કરવાને બદલે સામે સવાલ કર્યો, 'હું કંઈક પૂછી શકું ?'

'જી.'

'આપણાં લગ્ન થઈ ગયા હોત અને પછી તારા ઘરમાં આવું કંઈ થયું હોત તો તું શું કરત ?'

'હું મારી કમાણીમાંથી એક હિસ્સો મારા માતા-પિતાને આપવા માટે તમને વિનંતી કરત અને તમે મને એમ ન કરવા દેત તો હું તમારું ઘર છોડીને મારા માતા-પિતા સાથે રહેવા જતી રહેત.'

'તને એવું લાગે છે કે હું તને તારા જ ઘરમાં મદદ ન કરવા દઉં ?'

'ના.'

'શ્યોર ?'

'હા.'

'તો વાંધો શું છે ? મારે પત્ની જોઈએ છે, એની કમાણી નથી જોઈતી. તારી કમાણીને તારા ઘર ને તારા માતા-પિતા સુધી સીમિત રાખીશ તો મને કોઈ વાંધો નથી. અને હા, આ દયા નથી. આ શુદ્ધ સ્વાર્થ છે. મારે તારી સાથે લગ્ન કરવા છે ને તારા જેવી એક મેચ્યોર, લાગણીશીલ સ્ત્રી મારા જીવનમાં આવે એવું હું ઈચ્છું છું.'

'હું સન્માન કરું છું તમારી ભાવનાનું, પણ હું અત્યારે ચોક્કસ કંઈ કહી શકું એમ નથી. મારે વિચારવા માટે સમય જોઈશે.'

'હું રાહ જોઈશ' નિશ્ચલે કહ્યું ને બંને છૂટા પડ્યા.

એ વાતને પંદરેક દિવસ થઈ ગયા. નિષ્ઠાએ મક્કમપણે એ તરફ વિચારવાનું બંધ જ કર્યું હતું કે એના માતા-પિતાએ એક દિવસ એને એક પત્ર બતાવ્યો.

'આદરણીય શ્રી સંન્યાસી અને શ્રીમતી સંન્યાસી,

મારું નામ નિશ્ચલ છે. તમારી દીકરી નિષ્ઠા જે કંપનીમાં કામ કરે છે ત્યાં હું મૅનેજર છું અને તમારી દીકરી સાથે લગ્ન કરવા માગું છું. તમારી દીકરી પણ મને પસંદ કરે છે. પરંતુ, મારે એ કહેવું જોઈએ કે એ મારા કરતાં તમને વધારે પસંદ કરે છે. મને એ વાતનું ગૌરવ છે કે મેં આવી જવાબદાર સ્ત્રી સાથે પ્રેમ કર્યો છે. મને પત્ની તરીકે આપની દીકરી જ જોઈએ છે. પણ એ માટે મને કોઈ ઉતાવળ નથી. આપની દીકરીને કહેશો કે હું એના માટે રાહ જોઈશ, આખી જિંદગી. ઈશ્વરને પ્રાર્થના કે આવી દીકરી મને પણ આપે. શુભકામનાઓ.... નિશ્ચલ.'

પત્ર વાંચ્યા પછી નિષ્ઠાની આંખોમાંય પાણી હતાં અને માતા-પિતાની આંખોમાંય. પિતાએ માત્ર એટલું જ કહ્યું, 'તારું ઋણ સૌ ભવેય નહીં ચૂકવી શકીએ બેટા ને તે અમારી સેવા કરવાનો જે નિર્ણય કર્યો છે એ બદલવા માટે તને દબાણ પણ નહીં કરીએ. પણ જો અમારા અનુભવની વાણીએ કહીએ તો આ જ તારા માટે યોગ્ય જીવનસાથી છે. એની સાથે લગ્ન કરીશ તો અમારી દીકરી દૂર નહીં થાય પણ દીકરીની સાથે એક દીકરોય અમને મળશે. આગળ-ઉપર તારી મરજી.'

નિષ્ઠાએ કંઈ ન કહ્યું. એ નિશ્ચલ સાથે પરણી ગઈ.

અઢારેક વર્ષ થયાં. બંને સુખી છે. નિષ્ઠા સાસરીયાઓને પણ શ્રેષ્ઠ રીતે સાચવે છે અને માતા-પિતાની એટલી જ કાળજી રાખે છે. અને હા, નિશ્ચલે ઈશ્વરને પ્રાર્થના કરી હતી એ ફળી છે. એમને ઘેર પણ દીકરી જ અવતરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૩૫.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: **સ્કીન-૧** :
જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: **સ્કીન-૨** : જીસ્મ-૨ : ૧૦.૦૦
કયા સુપર કુલ હે હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫
ટોટલ રીકલ(હિન્દી) : ૫.૪૫, ૮.૦૦
: **સ્કીન-૩** : ટોટલ રીકલ (હિન્દી) : ૧૧.૩૦, ૧૦.૩૦
બોલ બચ્ચન : ૨.૦૦
કયા સુપર કુલ હે હમ : ૫.૦૦, ૭.૪૫
: **સ્કીન-૪** : ફોર્મ સેન્ડી વીથ લવ : ૧૦.૦૦
યે મોહબ્બત હે : ૧૨.૪૫
જીસ્મ -૨ : ૩.૩૦
કૉકટેલ : ૭.૦૦
બોલ બચ્ચન : ૧૦.૦૦
આલાપ : ૫.૦૦

### સિને મેક્સ

: **સ્કીન-૧** :
ટોટલ રીકલ(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૩૦, ૧૦.૪૫
આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી): ૧૧.૩૦, ૮.૪૫,
કિષ્ના ઔર કંસ ૩ડી : ૩.૪૫
: **સ્કીન-૨** : જીસ્મ-૨ : ૧૦.૪૫
કયા સુપર કુલ હે હમ : ૧.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૧૫
: **સ્કીન-૩** : જીસ્મ-૨ : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
કયા સુપર કુલ હે હમ : ૧૧.૩૦, ૫.૦૦
: **સ્કીન-૪** :કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦,
જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

જીસ્મ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પુનમભાઈ ભટ્ટ, બ્લોક નં. ૨૫/૩, 'છ' ટાઈપ, ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯. કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારે શિવલીંગ પ્રાગટ્ય.
- શ્રી દત્તમંદિર સેકટર-૨૮માં રૂદ્રાભિષેક મંડળ દ્વારા ઋત્વિક વી. જહા તરફથી લઘુરૂદ્ર બપોરે ૪.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાશે. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે.

**વૃષભ** : રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠઆમાં વધારો થઈ શકે છે. આવકનાં સ્ત્રોતમાં વધારો થઈ શકશે. કાર્યક્ષેત્રે સમય પ્રગતિકારક બની રહેશે.

**મિથુન** : સ્થાવર મિલકતની ખરીદી- વેચારણ થઈ શકશે. વેપાર-વ્યવસાયક્ષેત્રે નવા રોકાણો થવાની સંભાવનાઓ છે. કુટુંબીજનો સાથે ધાર્મિક- માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

**કર્ક** : આપને સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મળી શકે છે.

**સિંહ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહેશે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. વેપારક્ષેત્રે આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. સમય શુભ.

**કન્યા** : વાહન-જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવવાની સંભાવનાઓ રહેલી છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી નીવડી શકશે.

**તુલા** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. સામાજિક -રાજકીય ક્ષેત્રે માન-સન્માન, પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. મિત્રો તથા સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**ધન** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. કુટુંબના સભ્યો સાથે સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. આરોગ્ય સુખમય બની રહે. નોકરીમાં ઉપરા અધિકારીઓ સાથે તનાવ પેદા ન થાય તેની તકેદારી રાખવી.

**મકર** : સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ મળતો જણાય. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વેપાર- વ્યવસાય અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહેશે.

**કુંભ** : આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સ્નેહીજનો-મિત્રો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રોકાયેલા નાણાં પરત મળવાની સંભાવનાઓ છે. આકસ્મિક ધનલાભ થઈ શકશે. સમય શુભ.

## ચિરવિદાય

- સ્વ. પ્રવિણસિંહ પૂજાજી ચાવડા (ઉ.વ. ૪૮) પ્લોટ નં. ૫૮૩/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. તારાબેન મગનલાલ દવે (ઉ.વ. ૯૪) પ્લોટ નં. ૧૦૪૧, સ્વતિક સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. રામેશ્વરીબેન રવિશંકર શાહુ (ઉ.વ. ૩૫) મુ.પો. ઠાકુરકાપા, તા. તખતપુર, જિ. બિલાસપુર, રા. છત્તીસગઢ.
- સ્વ. લાલભાઈ ચૌધરી (સરપંચ છાલા ગામ). મુ. છાલા. તા.જી. ગાંધીનગર.